સાબરકાંઠા, અરવલ્લીમાં ઓક્સિજન રેમડેસિવિર ઈન્જેક્શનના શોર્ટ સપ્લાયથી હાલાકી

હોમ ક્વોરન્ટાઈન દર્દીઓને ઓક્સિજન મળવો મુશ્કેલ થયો, માત્ર સરકારી કોવિડ હોસ્પિટલમાં સપ્લાય

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૮

કોરોનાના દર્દીઓમાં ઉછાળા સાથે મૃત્યુ આંક વધી રહ્યો છે. સરકાર અને આરોગ્ય વિભાગની નિગરાની હેઠળ ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા ઓક્સિજન અને રેમડેસિવિર ઈન્જેક્શન જિલ્લામાં પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ થાય તેવા પ્રયત્નો છતાં શોર્ટ સપ્લાયથી જિલ્લામાં હાલાકી દેખાઈ રહી છે અનેક દર્દીઓને રેમડેસિવિર ઈન્જેક્શન ન મળતાં પરિવારજનો વધુ ભાવ આપીને પણ ઈન્જેક્શન ખરીદવા માટે મજબૂર બન્યા છે. હોમ ક્વોરન્ટાઈન દર્દીઓને છેલ્લા ૩ દિવસથી ઓક્સિજન મળવો મુશ્કેલ થઈ ગયો છે. માત્ર સરકારી કોવિડ હોસ્પિટલ પૂરતો જ ઓક્સિજનનો સપ્લાય હોવાથી હવે અન્ય હોસ્પિટલો અને દર્દીઓ માટે પણ મુશ્કેલ સમય શરૂ થઈ શકે છે.

કોરોનાના યુદ્ધ સામે સરકાર બહાદુરીથી લડી રહી છે. પરંતુ ક્યાંક ને ક્યાંક આરોગ્ય તંત્રમાં સંકલનનો અભાવ જેવી સ્થિતિ છે. હિંમતનગર, ઈડર, મોડાસા, વાત્રક સહિતના વિસ્તારોમાં સરકારી કોવિડ હોસ્પિટલો શરૂ કરી દર્દીઓની સંખ્યા વધતાં બેડ વધારવામાં આવ્યા પરંતુ ઓછી સુવિધાઓમાં બેડ વધારવાથી સ્થાનિક આરોગ્ય કર્મીઓ મુશ્કેલીમાં મૂકાયા છે. કારણ કે ૪૦ બેડની હોસ્પિટલ હોય અને જે સ્ટાફ નિયુક્ત થયો હોય તે સ્ટાફને ૧૨૦ બેડની હોસ્પિટલમાં કેવી રીતે કામગીરી કરવી..?? જ્યારે ઓક્સિજન અને રેમડેસિવિર ઈન્જેક્શનનો શોર્ટ સપ્લાય પણ કોવિડ હોસ્પિટલના સ્ટાફને અકળાવી રહ્યો છે. કોરોનાની બીજી લહેરમાં સંક્રમિત થયેલા દર્દીઓમાં ઓક્સિજનનું પ્રમાણ એકાએક ઘટી જાય છે જેથી મૃત્યુ દર ઉંચકાયો છે. પાછલા ૩ દિવસમાં બંન્ને જિલ્લામાં ૩૦ થી વધુ લોકોના મોત નિપજયાની આશંકા છે તે પૈકીના મોટાભાગના દર્દીઓ ઓક્સિજનની માત્રા ઘટી જવાથી અને હૃદય રોગનો હુમલો આવવાના કારણે મોતને ભેટ્યાનું તારણ બહાર આવ્યું છે. સૂત્રોનું માનીએ તો બંન્ને જિલ્લામાં હજુ પણ પૂરતા પ્રમાણમાં ઓક્સિજનનો સપ્લાય થતો નથી જે પણ કંઈ ઓક્સિજન મળે તે માત્ર સરકારી કોવિડ હોસ્પિટલમાં જ વપરાઈ જાય છે જેના કારણે હોમ ક્વોરન્ટાઈન થયેલા હજારો દર્દીઓ પૈકી જે દર્દીઓને ઓક્સિજનની જરૂર હોય તેમને આપી શકાતો નથી. તંત્ર અને આરોગ્ય વિભાગ ભલે ગમે તે વાત કરતું હોય પરંતુ જમીની હકીકત એ છે કે જિલ્લામાં રોકેટ ગતિએ કોરોના સંક્રમિત દર્દીઓમાં વધારો થઈ રહ્યો છે તેની સામે ઓક્સિજન સહિત જરૂરી દવાની અછત ગંભીર પરિણામો નોંતરી શકે છે.

વેન્ટીલેટરની માંગ વધી

જિલ્લામાં કોરોનાનું સંક્રમણ વધતાં કોવિડ હોસ્પિટલોમાં દર્દીઓમાં વધારો થયો છે. ઓક્સિજન અને રેમડેસિવિર ઈન્જેક્શનની માંગ વધી પરંતુ શોર્ટ સપ્લાયના ઓછાયા સામે આવ્યા છે અને હવે કેટલાય દર્દીઓ ગંભીર બનતાં જિલ્લાના અનેક વિસ્તારોમાં દર્દીઓ માટે વેન્ટીલેટરની માંગમાં વધારો થયો છે. અમદાવાદની સ્ફોટક સ્થિતિને ધ્યાને રાખી સ્થાનિક જિલ્લાના ગંભીર હાલતવાળા દર્દીને પરિવારજનો અમદાવાદ ખસેડવાના બદલે જિલ્લામાં જ વેન્ટીલેટર સુવિધા હોય તેવી હોસ્પિટલમાં સારવાર માટે પ્રથમ પસંદગી ઉતારી રહ્યા છે. ગત રોજ જિલ્લાના કેટલાક વિસ્તારોમાં દર્દીઓ માટે વેન્ટીલેટર હોય તેવી હોસ્પિટલોની પૂછપરછમાં વધારો થયો છે.

બેડ વધાર્યા, નવાં કોવિડ કેર સેન્ટર શરૂ થયાં છતાં હાલાકી કેમ..??

જિલ્લામાં કોરોનાના કેસ વધતાં વાત્રક અને મોડાસાની સરકારી કોવિડ હોસ્પિટલમાં તાબડતોબ બેડની સંખ્યા વધારવામાં આવી. મેઢાસણ, ઈસરી, ભિલોડા સહિતના વિસ્તારોમાં કોવિડ કેર સેન્ટર શરૂ થયાં અન્ય સ્થળે પણ કોવિડ સેન્ટર શરૂ કરવાની તજવીજ છે ત્યારે સવાલ એ થાય છે કે સુવિધાઓમાં વધારો છતાં દરરોજ કોરોનાના દર્દીઓને હાલાકી કેમ પડી રહી છે..?? કાં તો આરોગ્ય વિભાગ દર્દીઓના સાચા આંકડા છૂપાવે છે કાં તો દર્દીઓ માટે માત્ર સુવિધા ઉભી કર્યાની જાહેરાત માત્ર કાગળ ઉપર તો નથી ને..??

ઉત્તર ગુજરાતમાં દૈનિક સંક્રમિત કેસ ૨૪૦૦ને પાર, ડબલ મ્યુટેશન કોરોના વાયરસની આશંકા વધી

કોરોના વેક્સિન લીધી હોય તેવા લોકો પણ સંક્રમિત થવાની આશંકા વધી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૮

ગુજરાતમાં છેલ્લા એક સપ્તાહથી કોરોના વાયરસના વધતા સંક્રમણે રાજ્ય સરકારની ઉંઘ હરામ કરી દીધી છે. ઉત્તર ગુજરાતમાં દૈનિક સંક્રમિત કેસની સંખ્યા અત્યારે ૨૪૦૦ને પાર કરી ગઈ છે. જે આવતા સપ્તાહમાં દૈનિક ૩૫૦૦ ને પાર કરવાની સંભાવના છે. ઉત્તર ગુજરાતમાં કોરોનાના દર્દીઓમાં થયેલા વધારા પાછળ ડબલ મ્યુટ્રેશન કોરોના વાયરસની આશંકા વધી ગઈ છે. કોરોના વેક્સિન લીધી હોય તેવા લોકો પણ સંક્રમિત થવાની આશંકામાં ઉછાળો આવ્યો છે. મૃત્યુ દર પણ ભયજનક રીતે ઉંચકાઈ રહ્યો છે.

કોરોનાએ વિદાય લીધી છે તેવું માની ઉત્તર ગુજરાતના લોકોએ જ્યાં સાવધાની રાખવાની હતી ત્યાં પૂરેપૂરી લાપરવાહી દાખવી. ગત ફેબ્રુઆરીમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પછી રાજકીય મેળાવડા થયા અને કોરોનાનું સંક્રમણ વધ્યું તેવા આક્ષેપ થઈ રહ્યા છે પરંતુ સ્થાનિક સ્વરાજ્યનો ચૂંટણી જંગ ન હોત તો પણ ઉત્તર ગુજરાતમાં કોરોનાના દર્દીઓમાં ઉછાળો આવવાનો હતો. ગુજરાત નહીં પરંતુ તેના પડોશી રાજ્યોમાં નજર કરવામાં આવે તો ત્યાં કોરોના કેસમાં ઉછાળો આવ્યો છે ત્યાં કોઈ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી ન હતી પરંતુ કોરોનાની બીજી લહેર સમગ્ર દેશને હચમચાવી નાખવાની છે તેવી આશંકા તબીબી જગત સહિત વૈજ્ઞાનિકોએ વ્યક્ત કરી છે. હજુ તો કોરોના સંક્રમણે ગતિ પકડી નથી અને ઉત્તર ગુજરાતમાં વિકટ સ્થિતિનું નિર્માણ થયું છે. ઠેકઠેકાણે ઓક્સિજન અને રેમડેસિવિર ઈન્જેક્શનની અછત હાવિ થઈ ગઈ છે. હોસ્પિટલોમાં બેડ ખૂટી પડ્યા છે એટલી હદે દર્દીઓમાં વધારો થઈ રહ્યો છે. ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા ટેસ્ટીંગ અને સંક્રમિત દર્દીઓના જે આંકડા જાહેર થાય છે તેના ઉપર નજર થાય તો પણ સંક્રમણ વધુ બેકાબુ બન્યાનું જણાયું છે. સરકારી આંકડામાં અને ખાનગી આંકડામાં જમીન આસમાનનો તફાવત હોવાનું પ્રજા સ્વીકારે છે આ સંજોગોમાં સાચી સ્થિતિ વધુ સ્ફોટક હશે.

ઉત્તર ગુજરાતમાં અત્યારે દૈનિક સંક્રમિત કેસ સરકારી દફતરે ભલે ૨૪૦૦ બોલતા હોય પરંતુ સાચો આંકડો ૭૦૦૦થી વધુ હોવાની શક્યતા નકારી ન શકાય અને તેના માટે ઝડપથી ફેલાતો ડબલ મ્યુટેશન વાયરસ ઉત્તર ગુજરાતમાં ઘર કરી ગયાની આશંકા પ્રબળ બની છે અનેક ખાનગી તબીબોએ ગુજરાતમાં પણ મહારાષ્ટ્ર જેવો જ ડબલ મ્યુટેશન વાયરસના કારણે સંક્રમિત દર્દીઓની સંખ્યામાં ઉછાળો આવ્યાનું સ્વીકારે છે. વેક્સિન લીધી હોય તો પણ લોકો સંક્રમિત થવાની તેમાં આશંકા છે પરંતુ તેમાં મૃત્યુ દર ઓછો રહે છે અને જો ડાક્ટરોની આશંકા ડબલ મ્યુટેશન વાયરસની સાચી હોય તો આવનારા દિવસોમાં ઉત્તર ગુજરાતમાં પ્રજાએ સાવધ રહેવું પડશે અન્યથા હોસ્પિટલોમાં પણ બેડ મળવાની શક્યતા નથી.

પ્રાંતિજ નગરપાલિકા દ્વારા સોસાયટી વિસ્તારોમાં સેનીટાઈઝર કરાયું

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સહિત તાલુકામા કોરોનાના કેસોમા દિવસેને દિવસે ધડખમ વધારો થતા પ્રાંતિજ પાલિકા દ્વારા પણ પ્રાંતિજના વિવિધ વિસ્તારોમા સેનીટાઈઝર કરવામા આવી રહ્યુ છે. ત્યારે હાલ ગુજરાત સહિત જિલ્લામા અને પ્રાંતિજ તાલુકામા કોરોનાએ ઘર કરી બેઠતા ઘરે-ઘરે કોરોના વાયરસ ના સંક્રમિત કેસો જોવા મળી રહ્યા છે ત્યારે પ્રાંતિજ પાલિકા દ્વારા પ્રાંતિજના વિવિધ વિસ્તારો સહિત સોસાયટીઓ મા વધુ પડતા કેસો ને લઈને પ્રાંતિજના સમગ્ર વિસ્તારોમા સોસાયટીઓમા સેનીટાઈઝ કરવામા આવ્યુ હતુ.

ઉંઘતું તંત્ર : સાબરકાંઠા, અરવલ્લી વહીવટી તંત્ર પાસે હરિદ્વારના કુંભમેળામાં ગયેલા યાત્રિકોની જાણકારી નથી

તલાટી કમ મંત્રીઓને ગામે ગામ યાત્રિકોને શોધવાની જવાબદારી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૮

ઉત્તરાખંડના હરિદ્વારના કુંભમેળામાં ગયેલા યાત્રાળુઓ મોટી સંખ્યામાં સંક્રમિત થયા છે. ગુજરાત સહિત ઉત્તર ગુજરાતના અનેક શ્રદ્ધાળુઓ કુંભમેળામાં શાહી સ્નાન માટે ગયા હતા અને તેઓ ગુજરાતમાં પ્રવેશ કરે ત્યારે તેમનું કોરોના ટેસ્ટીંગ કરવાનો રાજ્ય સરકારે નિર્ણય લીધો છે પરંતુ આશ્ચર્ય વચ્ચે સરકારના આદેશના ૨૪ કલાક પછી પણ સાબરકાંઠા, અરવલ્લી વહીવટી તંત્ર પાસે હરિદ્વારના કુંભમેળામાં ગયેલા યાત્રિકોની જાણકારી નથી. સમગ્ર કામગીરી માટે તલાટી કમ મંત્રીઓને આદેશ આપવામાં આવ્યા છે અને જે યાત્રાળુ કુંભમેળામાં ગયા હોય તેમના તાબડતોબ ટેસ્ટીંગ કરાવવા અને જો પોઝિટિવ આવે તો તેમને કોવિડ સેન્ટરમાં સારવાર માટે દાખલ કરવા જણાવ્યું છે.

કોરોનાનું સંક્રમણ વધતાં વડાપ્રધાને કુંભમેળાનું સમાપન કરવા માટે અપીલ કર્યાના થોડાક જ સમયમાં કુંભમેળાનું સમાપન થઈ ગયું છે. કુંભમેળામાં સેંકડો શ્રદ્ધાળુઓ સંક્રમિત થયાની વિસ્ફોટક વિગતો સામે આવી હતી. ગુજરાતના લોકોમાં પણ કુંભમેળા માટે શ્રદ્ધા રહેલી છે જેથી મોટી સંખ્યામાં ગુજરાતી યાત્રાળુઓ હરિદ્વારના કુંભમેળામાં ભાગ લેવા ગયા હતા અને તેઓ ગુજરાતમાં પ્રવેશ કરે અને સંક્રમિત હશે તો ગુજરાતમાં પ્રજાનું આરોગ્ય વધુ જોખમાય તેવી દહેશતના પગલે રાજ્ય સરકારે હરિદ્વારના કુંભમેળામાં ગયેલા યાત્રિકોને ફરજીયાત આર.ટી.પી.સી.આર. ટેસ્ટ કર્યા પછી જ ગામમાં પ્રવેશવા દેવાશે તેવો નિર્ણય જાહેર કર્યો છે. બંન્ને જિલ્લામાંથી અંદાજીત દોઢસોથી વધુ યાત્રિકો કુંભમેળામાં ગયાની સંભાવના વચ્ચે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લા ડીઝાસ્ટર વિભાગનો સંપર્ક કરતાં તંત્ર ઉંઘતું હોય તેવું જોવા મળ્યું. બંન્ને જિલ્લાના જવાબદાર વિભાગ પાસે કુંભમેળામાં કેટલા યાત્રિકો ગયા હતા તેની જાણકારી અમારી પાસે નથી અને અમે ડી.સી. બ્રાન્ચમાં પૂછ્યા પછી તમને જણાવીશું. જ્યારે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તમામ તાલુકા વિકાસ અધિકારીને પત્ર લખી કુંભમેળામાં ગયેલા યાત્રિકો ગામમાં પ્રવેશે નહીં અને તેમના આર.ટી. પી.સી. આર. ટેસ્ટ કરાવવા પોઝિટિવ હોય તો કોવિડ સેન્ટરમાં સારવાર માટે મોકલવા અને તે માટેની કામગીરી તલાટી કમ મંત્રીઓને આપવા જણાવી દેવામાં આવ્યું છે.

પ્રાંતિજના નનાનપુર ગામે નવા હરીજન મહોલ્લાને કન્ટેનમેન ઝોન જાહેર કર્યો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સહિત તાલુકામા કોરોના વાયરસ ફરી વળતા ગામડાઓની હાલત પણ બગડતી જાય છે ત્યારે પ્રાંતિજના નનાનપુર ખાતે નવા હરીજન મહેલ્લામા કોરોનાના સંક્રમણ વધતા કન્ટેનમેન ઝોન જાહેર કરવામા આવ્યો અને ગામના સરપંચ સહિતની ટીમ આરોગ્ય સ્ટાફ સાથે કામે લાગી હતી. પ્રાંતિજ તાલુકામાં કોરોના વાયરસ ના કેશો રોકેટ ગતિએ વધી રહ્યા છે ગામડાઓમાં પણ કોરોના સંક્રમણ કેશો વધી રહ્યા છે. ગામડાઓમાં પણ કોરોના વાયરસનાં કેશો વધવાના કારણે આરોગ્ય તંત્ર અને વહીવટી તંત્ર દોડતું થઈ ઘટતા પગલાં લેવા માંડ્યું છે.

અરવલ્લી જિલ્લામાંથી અન્ય જિલ્લામાં સૂકા ઘાસચારાની મોટાપાયે હેરાફેરી શરૂ

તંત્ર વેળાસર નહીં જાગે તો સૂકા ઘાસચારાની જિલ્લામાં અછતની સંભાવના

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૮

અરવલ્લી જિલ્લામાં કોરોનાની મહામારી વચ્ચે

પશુપાલકોએ મૂંગા પશુઓને જીવાડવા માટે પણ સંઘર્ષ શરૂ કર્યો છે પરંતુ અરવલ્લી જિલ્લામાંથી અન્ય જિલ્લામાં સૂકા ઘાસચારાની મોટાપાયે હેરાફેરી શરૂ થઈ છે. ખાસ કરીને મકાઈ, બાજરીના પૂળા અને ઘઉંના પરાળનું વેચાણ વધુ થઈ રહ્યું છે. સવારે મોટાભાગના માર્ગો ઉપર સૂકો ઘાસચારો લઈને જતા વાહનોનો જમેલો જોવા મળી રહ્યો છે. તંત્ર વેળાસર નહીં જાગે તો સૂકા ઘાસચારાની જિલ્લામાં અછતની સંભાવના છે. કોરોનામાં પરોવાયેલું તંત્ર અત્યારથી જ આગામી મે. મહિનામાં ઘાસચારા અને પાણીની તંગી ઉભી ન થાય તે માટે આગોતરૂ આયોજન કરવું જોઈએ.

ચોમાસા દરમ્યાન સારો વરસાદ અને સુજલામ સુફલામ યોજના તેમજ જળાશયો મારફતે ખેડૂતોને સિંચાઈ માટે પૂરતા પ્રમાણમાં પાણી આપવામાં આવ્યું જેથી અન્ય જિલ્લાની

સરખામણીએ જિલ્લામાં સારૂ પાક ઉત્પાદન અને સારો ઘાસચારો ઉગાડી શકાયો હતો. પરંતુ કોરોનાના કપરા કાળમાં ખેડૂત પણ કમાઈ લેવાની તક મળે તો જતી કરતા નથી. પરંતુ ક્યાંક કમાઈ લેવાની લાલચમાં જિલ્લાના મૂંગા પશુઓને અન્યાય થઈ જતો હોય છે. આ વર્ષે જિલ્લામાં ઘઉંનું બમ્પર ઉત્પાદન થયું. દર વર્ષે ઘઉંના પરાળની સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાતમાં વધુ માંગ થતી હોય છે. ઘઉંનો પાક તૈયાર થયા પછી પરાળ ખરીદનારા અનેક દલાલોએ જિલ્લામાં ધામા નાખી દીધા છે અને ખેડૂત પાસેથી મામૂલી રકમથી પરાળ ખરીદી ઉંચા ભાવે અન્ય જિલ્લામાં વેચાઈ રહ્યું છે. ખેડૂત સૂકા ઘાસચારાના વેચાણમાં પણ દલાલોના હાથે છેતરાઈ રહ્યા છે. જિલ્લાના ૭ લાખથી વધુ મૂંગા પશુઓ માટે પૂરતા પ્રમાણમાં ઘાસચારો નથી અનેક પશુપાલકો એવા છે કે તેમને જમીન નથી છતાં પશુઓની માવજત કરી રહ્યા છે અને મોટાપાયે સૂકા ઘાસચારાનું વેચાણ શરૂ થતાં સ્થાનિક પશુપાલકોને આવનારા દિવસોમાં મોંઘાભાવે ઘાસચારો ખરીદવો પડશે અને તે પરવડશે પણ નહીં.

રેમડેસિવિર ઈન્જેક્શનનું કાળા બજાર

અરવલ્લી જિલ્લામાં રેલો પહોંચવાની સંભાવના

ડો.મિતેષ ઠક્કરે કયા વટાણા વેર્યા તેના ઉપર સૌની નજર

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૮

કોરોનાના દર્દીઓ માટે અરવલ્લી જિલ્લામાં રેમડેસિવિર ઈન્જેક્શનની અછત ઉભી થતાં દર્દીના સગાઓએ ખેડા અને અમદાવાદથી બમણા ભાવથી ઈન્જેક્શન ખરીદ્યા હતા તો કેટલાક દલાલોએ અરવલ્લીમાં માંગ પ્રમાણે બમણા ભાવથી ઈન્જેક્શન

પધરાવ્યાનું જાણીતું છે. આ સંજોગોમાં રેમડેસિવિર ઈન્જેક્શનના કાળાબજારી ધંધાનો વડોદરામાં પર્દાફાશ થયા પછી અરવલ્લી જિલ્લામાં રેલો પહોંચવાની સંભાવના છે. ધરપકડ કરાયેલ ડા.મિતેષ ઠક્કરે અમદાવાદથી ૧૦૦ ઈન્જેક્શન ખરીદ્યાનું તપાસ દરમ્યાન બહાર આવ્યું છે આ સંજોગોમાં ડાક્ટરે તપાસ ટીમ સમક્ષ કયા વટાણા વેર્યા તેના ઉપર સૌની નજર ટેકવાઈ ગઈ છે.

કોરોનાના કપરા કાળમાં કોરોના દર્દીઓ અને તેના પરિવારને મદદરૂપ થવાનું હોય છે પરંતુ કોરોનાની ભયાવહ સ્થિતિમાં અનેક ડાક્ટરો અને કાળા બજારીયાઓએ તેને કમાણીનું સાધન બનાવી દીધું છે. જિલ્લામાં ટપોટપ કોરોનાના કારણે દર્દીઓ મરવા લાગ્યા, ઓક્સિજન સહિત રેમડેસિવિર ઈન્જેક્શનની અછત જોવા મળી, તંત્ર સમક્ષ આજીજી છતાં જરૂરી ઈન્જેક્શન ન મળતાં દર્દીઓના સગાઓએ વ્યાજે તેમજ દાગીના વેચીને પણ પોતાના સ્વજનને બચાવવા ઈન્જેક્શનો લેવા માટે અમદાવાદ, ગાંધીનગર, કપડવંજ, નડીયાદ, વડોદરા સુધી દોટ લગાવી હતી. તો કેટલાક ડાક્ટરો પાસે તો અગાઉથી જ મોટા જથ્થામાં રેમડેસિવિર ઈન્જેક્શન આવી ગયા હતા અને પ્રિન્ટ કરતાં પણ બમણો ભાવ ખંખેરતા હોવાના આરોપ લાગ્યા હતા. પરંતુ કહેવાય છે કે પાપનો ઘડો છલકાય ત્યારે બધું પાપ છાપરે ચઢીને પોકારે છે. વડોદરાથી રેમડેસિવિર ઈન્જેક્શનનું કાળા બજાર પકડાયું જેમાં ડા.ધિરેન નાગોરી અને તેના સાગરીત કુણાલની અટકાયત પછી ડા.મિતેષ ઠક્કરનું નામ બહાર આવ્યું. પોલીસે ડા.મિતેષ ઠક્કરની યોગ્ય સરભરા કરતાં તેને અમદાવાદથી ૧૦૦ ઈન્જેક્શન ખરીદ્યા હતા અને બમણા ભાવે વેચ્યાનું કબુલ્યું છે આ સંજોગોમાં ઈન્જેક્શનના કાળા બજારનો રેલો અરવલ્લી જિલ્લામાં પહોંચવાની સંભાવના છે. જિલ્લામાંથી વાયા અમદાવાદ-વડોદરા કનેક્શન ધરાવતા કાળા બજારીયાઓ ડા.ઠક્કરની ધરપકડ પછી સ્તબ્ધ થયાનું પણ સંભળાઈ રહ્યું છે.

હિંમતનગરના માથાસૂલીયામાં બંધ મકાનમાં તસ્કરો ત્રાટક્યા

૧.૯૪ લાખની મત્તા ચોરાઈ, ડોગ સ્કવોર્ડ અને એફ.એસ.એલ.ની મદદ લેતી પોલીસ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૮

કાળઝાળ ઉનાળામાં પ્રજા બફારાથી બચવા માટે ઘરની બહાર આરામ ફરમાવે છે ત્યારે તસ્કરોએ બંધ મકાનના હાથફેરા કરવાની શરૂઆત કરી છે. હિંમતનગરના માથાસૂલીયામાં વિક્રમસિંહ અમરસિંહ પરમાર અને તેમનો પરિવાર બહાર સૂતો હતો ત્યારે તેમના બંધ મકાનની પાછળના ભાગે આવેલી જાળી તોડી તસ્કરો રોકડ રૂા.૪૫ હજાર તેમજ સોના-ચાંદીના ઘરેણા મળી કુલ રૂા.૧,૯૪,૦૦૦ની મત્તા લઈ પલાયન થઈ જતાં પરમાર પરિવાર ઉપર કોરોના કાળમાં મોટો આર્થિક ફટકો પડયો છે. તસ્કરીની જાણ થતાં ગાંભોઈ પી.એસ.આઈ., પી.પી.જાની તથા સ્ટાફ માથાસૂલીયા પહોંચ્યા હતા અને તસ્કરોને શોધવા માટે ડોગ સ્કવોર્ડ તથા એફ.એસ.એલ.ની મદદ લેવામાં આવી છે.

કોરોનાના કપરા કાળમાં તસ્કરોએ ગ્રામ્ય વિસ્તારો ઉપર નજર ટેકવી છે. એક પછી એક ગામડાઓમાં તસ્કરીના બનાવ સામે આવતાં પોલીસની ઉંઘ હરામ થવાની સાથે નાઈટ પેટ્રોલીંગ માટે પણ પોલીસને વધુ સજાગ બનવાનો સમય આવ્યો છે. જાણવા મળ્યા મુજબ માથાસૂલીયાના વિક્રમસિંહ પરમાર અને તેમનો પરિવાર ગત રોજ ઘરની બહાર સૂત્રો હતો ત્યારે તેમના બંધ મકાનમાં પ્રવેશેલા

તસ્કરોએ તિજોરી ખોલી તેમાંથી સોના-ચાંદીના દાગીના તેમજ રોકડ રકમ સહિત રૂા.૧.૯૪ લાખનો મુદ્દામાલ લઈ નાસી છૂટ્યા હતા. પરોઢે પરમાર પરિવાર ઘરમાં પ્રવેશ્યો ત્યારે પાછળની જાળી ખુલ્લી અને તિજોરીમાંનો સામાન વેરવિખેર જોતાં તસ્કરી થયાનું જણાયું હતું. ગાંભોઈ પોલીસે બનાવ અંગે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

હિંમતનગર તાલુકા તલાટી કમ મંત્રી મંડળના નવીન પ્રમુખની સર્વાનુમતે વરણી



હિંમતનગર તાલુકા તલાટી મંડળની જનરલ સભા સાબરકાંઠા જીલ્લા તલાટી કમમંત્રી મંડળના પ્રમુખશ્રી હર્ષવર્ધન કુંપાવતના અધ્યક્ષ સ્થાને ગુરૂવારના રોજ યોજવામાં આવી હતી. જેમાં હિંમતનગર તાલુકા તલાટી કમમંત્રી મંડળના પ્રમુખ તરીકે કુલદીપસિંહ ભાટીની, મંત્રી તરીકે દિગંતભાઈ પટેલની કારોબારી સભ્યો દ્વારા સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. નવા વરાયેલા પ્રમુખ કુલદીપસિંહ ભાટીએ અગાઉ હિંમતનગર તાલુકા તલાટી ધિરાણ સહકારી મંડળીના ચેરમેન પદે સેવા આપ્યા બાદ તાલુકાના તલાટી મંડળના પ્રમુખપદે વરણી થતા તલાટી કર્મચારી સભ્યોએ શુભેચ્છા પાઠવી હતી.